## શ્રી આર.જી.દેવધરા, ન્યાયાધીશ, કામદાર વીમા અદાલત, અમદાવાદ સમક્ષ.

### ઈ.એસ.આઈ.અરજી નં.૭૦/૨૦૨૫

**અરજદાર :** **એ.પી. ઈન્ફ્રાટેક,**
૨૩, માધવ બંગ્લોઝ, શબરી બંગ્લોઝ,
નરોડા, કઠવાડા રોડ, અમદાવાદ

**વિરૂઘ્ધ,**

**સામાવાળા :૧.** **રીજીયોનલ ડાયરેકટરશ્રી,**
**૨.** **રીકવરી ઓફીસર,**
કામદાર રાજય વીમા નિગમ,
પંચદીપ ભવન, આશ્રમ રોડ, અમદાવાદ.

**હાજર રહયા:–**
અરજદાર તરફે : વિઘ્વાન વકીલશ્રી એ.કે. ચાવડા

**–:: આંક–૨ હેઠળ હુકમ ::–**

**૧.** અરજદારે હાલની અરજી કામદાર રાજય વીમા ધારો, ૧૯૪૮ (કે જેનો હવે પછી ટુંકમાં 'ઈ.એસ.આઈ. એકટ તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૭૫ મુજબ આંક–૨ થી વચગાળાની મનાઈ અરજી સાથે સામાવાળા કોર્પોરેશનના અધિકારીએ તા.૧/૭/૨૦૨૪ ના રોજ ઈ.એસ.આઈ. કાયદાની કલમ–૪૫(એ) મુજબનો હુકમ ફાળાની રકમ રૂા.૨,૬૫,૭૨૫/– અંગેની વસુલાતની કાર્યવાહી સામાવાળા કોર્પોરેશન ઘ્વારા કરે–કરાવે નહીં તેવો મનાઈ હુકમ આપવાને અરજ ગુજારેલ છે.

**૨.** અરજદારની મુળ અરજી તથા આંક–૨ ની મનાઈ અરજીના સમર્થનમાં સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ જે ઘ્યાનમાં લીધા તથા બંને પક્ષકારોના વિઘ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા.

**૩.** આ કામે આંક–૨ હેઠળ અંતરીમ આદેશ કરી અરજદારને તા.૧/૭/૨૦૨૪ ના રોજ

ઈ.એસ.આઈ. કાયદાની કલમ–૪૫(એ) ના હુકમ મુજબની વસુલાતની કાર્યવાહી સંદર્ભે ઉપરોકત રકમના ૫૦% રકમ (રાઉન્ડફીગર) રૂા.૧,૩૨,૮૨૫/– ની રકમ સામાવાળા કોર્પોરેશન અથવા અત્રેની કચેરી સમક્ષ જમા કરાવવા અંગેના હુકમના સંદર્ભે અરજદારે આંક–૭ ની પુરશીશ રજૂ કરી જાહેર કરેલ છે કે, તેઓએ ઉપરોકત હુકમ મુજબ રૂા.૧,૩૨,૮૨૫/– ની રકમ ચલણથી તા.૦૮/૦૯/૨૦૨૫ ના સામાવાળા કોર્પોરેશન સમક્ષ જમા કરી દીધેલ છે.

ઉપરોકત હકીકત અને બન્ને વિધ્વાન વકીલશ્રીઓની રજુઆતો ધ્યાને લેતાં અરજદારની આંક–૨ ની અરજીના પેરા–૫ માં માંગ્યા મુજબની દાદ આંક–૧ અરજીની ફાઈનલ સુનાવણી સુધી અરજદાર વિરુધ્ધ ઉપરોકત રીકવરીની કાર્યવાહી સામે વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**અમદાવાદ.**
**તા.૨૯/૦૯/૨૦૨૫**

**(રાજદીપસિંહ ગુમાનસિંહજી દેવધરા)**
ન્યાયાધીશ,
કામદાર વીમા અદાલત,
અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૪૪૨

***P V Chudasama,P.S***